R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા


## CDO PRAKASH SAMIKSHA

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 15 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH JUNE 2024
BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

।। શ્રી આદિનાથાય નમઃ ।।

શ્રી ગુણ ગુણોદય કલા નરેન્દ્ર ચારૂ સિદ્ધાચલ કન્યા ૯૯ યાત્રા




# અનુમોદના...

અ.સૌ. તારાબેન મહેન્દ્રભાઈ પીર ની કુળદિપકા
અ.સૌ. જયશ્રી જયેશ પીર ની લાડકવાયી સીધાયીકા
અ.સૌ. ધ્વનિ પ્રિયેશ પીર નીરાજદુલારી
ચિ. દુવાંશ, કલ્પરાજ, પાહિની ની વ્હાલી બહેન



## ચિ. ગૌતમી જયેશ પીર

કચ્છ : સુથરી મહાતીર્થ • હાલ : ડોમ્બીવલી

ત્રિભુવન શિરતાજ શ્રી શત્રુંજય મહાતીર્થની ગોદમાં યુગાદિદેવ શ્રી આદિનાથ દાદાની અસીમ કૃપાથી પ. પૂ. સા. શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના પ. પૂ. સા. શ્રી અમિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પ. પૂ. સા. શ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં અમારી લાડલી ચિ. ગૌતમી પીર (ઉ.વ. ૧૨) એ શ્રી શત્રુંજય મહાતીર્થની સિધ્ધાચલ ૯૯ યાત્રામાં જોડાઈને ભર ઉનાળે ગરમીને માત આપીને ૯૯ જાત્રા સાથે છઠ્ઠ કરીને ૭ જાત્રા, દોઢ ગાઉ, ત્રણ ગાઉની જાત્રા સુખ શાતા પૂર્વક પરિપૂર્ણ કરવા બદલ ખૂબ ખબૂ અનુમોદના...

સર્વે બાલ યુવા – ૯૯ યાત્રિકોની ખુબ ખુબ અનુમોદના...

### લિ. ગૌરવાન્વિત પરિવારજનો

દાદાણા : માતૃશ્રી ભમલબેન પદમશી પુંજાભાઈ પીર પરિવાર

નાનાણા : માતૃશ્રી મણીબાઈ ત્રીકમજી ખીમજી દંડ પરિવાર (શેવગાવ)

પ્રતિષ્ઠાન :

વિજહેતા ટ્રેડીંગ કું. • વિજહેતા સ્ટીલ ટ્યુબ • સુમતિ એન્ટરપ્રાઈઝ

# શ્રી મંજલ રેલડીયા ગામે આદિ તીર્થાધિપતિનો ૧૪૨મો ધ્વજારોહણ સહ અઢાર અભિષેક મહોત્સવ દિનાંક ૧૭-૧૮ મે ના હર્ષોલ્લાસથી સંપન્ન થયું


લાભાર્થી પરિવારની અનુમોદના


પૂજા કરતા શ્રી મુકેશ પી. દંડ


નૃત્યમાં મગ્ન શ્રાવિકાઓ


આશિર્વાદ ગ્રહણ કરતા ભાવિક


શ્રી મંગલ લાલકાનું સન્માન


વિધિકારનું સન્માન કરતા શ્રી સંઘના પદાધિકારીઓ

વૈશાખ સુદ-૧૦/૧૧ને દિનાંક ૧૭-૧૮/૦૫/૨૦૨૪ના પાવન દિવસે ધ્વજા લાભાર્થી ''માતુશ્રી પ્રેમિલાબેન પદમશી પાસવીર દંડ પરિવાર, હસ્તે : પુત્રવધુ અ.સૌ. રાજુલાબેન મુકેશ દંડ તથા પૌત્રવધુ અ.સૌ. દામિની રાહુલ દંડ પરિવાર''ના સ્નેહીજનો, ગ્રામવાસીઓ, નિયાણીઓની ઉપસ્થિતિએ તેમજ ગચ્છાધિપતિ શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષે પ.પૂ. સાધ્વીશ્રી જીતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૩ તથા પ.પૂ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા.ની નિશ્રાએ ''અઢાર અભિષેક'' અને ''ધ્વજા મહોત્સવ'' વિધિકાર શાસન ગૌરવ, સંઘ પ્રભાવિત શ્રી ચંદ્રકાંતભાઈ દેઢિયા-બિદડા તથા સાથી-સહયોગીઓ સંગાથે ઉલ્હાસે, ઉમંગે ઉજવવામાં આવ્યો.

અઢાર અભિષેક તથા સત્તર ભેદી પૂજા દરમ્યાન : ચંદ્ર દર્શન, સૂર્ય દર્શન, આરતી મંગલ દીવો, શાંતિ કળશના ચડાવામાં તથા જીવદયા ફંડમાં શ્રાવક-શ્રાવિકાઓએ ઉત્સાહથી લાભ લીધેલ... લાભાર્થીઓની ભૂરી ભૂરી અનુમોદના... ''રાત્રિ ભાવનાની રમઝટ'' આપણા જ ગામના શ્રી રાજેશભાઈ વોરા, સતુભા સોઢા, મોહનગીરી ગોસ્વામી તથા સાથી કલાકારો દ્વારા કરાયેલ ભાવના દરમ્યાન ''ભારતીબેન દંડ'' દ્વારા ૧૦૮ પાર્શ્વનાથ દાદાના નામની હાઉસી રમત રમાડવામાં આવેલ.

''૧૪૨મી ધ્વજા મહોત્સવ'' પ્રસંગ અનુરૂપ વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ દ્વારા સાધારણ ખાતા માટે રૂા. ૧૪,૨૦૦/- લેખે ટહેલ કરતા ૭ (સાત) ભાગ્યશાળી પરિવારો દ્વારા પ્રતિસાદ સાંપડેલ. બધા જ પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના... અનુમોદના... અનુમોદના...

આ મહોત્સવના ભવ્યાતિભવ્ય કાર્યક્રમને સફળતાનાં ચારચાંદથી સુશોભિત કરવા શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ સંઘનાં પદાધિકારી શ્રી ધીરજ ગોશર, શ્રી રમેશ લોડાયા, શ્રી રમેશ ગોશર, શ્રીમતી લતા ધરમશીની શ્રી આદિશ્વર મં. જૈન દેરાસર ટ્રસ્ટ ભુરી ભુરી અનુમોદના કરે છે.

તેમજ સ્થાનિક કાર્યકર્તાઓ શ્રી મંગલ લાલકા, પુજારી શ્રી નારાણજી દંડ-શ્રી સતુભા સોઢા, કાર્યકર્તા શ્રી બિપિન સાયલા, ઈલેક્ટ્રીશીયન શ્રી ખેંગારજી જાડેજા, શ્રી ઉમરસંગ જાડેજાનો સુંદર સાથ અને સહકાર પ્રાપ્ત થયેલ હતો- અભિનંદન.

## :: અમે આભારી છીએ ::

**૧૪૨મી ધજા મહોત્સવ ધજાના લાભાર્થી**

## માતુશ્રી પ્રેમિલાબેન પદમશી પાસવીર દંડ પરિવાર

**હસ્તે : પુત્રવધુ અ.સૌ. રાજુલાબેન મુકેશ દંડ તથા**
**પૌત્રવધુ અ.સૌ. દામિનીબેન રાહુલ દંડ ની ભુરી ભુરી અનુમોદના**

## ૧૪૨મી ધજા મહોત્સવમાં સાધર્મિક ફાળો આપનાર દાતાશ્રીઓ

**માતુશ્રી વિજયાબેન કલ્યાણજી હિરજી વોરા પરિવાર, માતુશ્રી પ્રેમિલાબેન પદમશી પાસવીર દંડ પરિવાર, માતુશ્રી નિર્મલાબેન પ્રફુલભાઈ લોડાયા પરિવાર, માતુશ્રી જયાબાઈ ચત્રભોજ દંડ પરિવાર, માતુશ્રી ભચીબાઈ દેવશી ગોસર પરિવાર, માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવાર, માતુશ્રી વાલબાઈ વિશનજી ધરમશી પરિવાર**

**આ ધજા મહોત્સવના કાર્યક્રમ દરમ્યાન મારા કાર્યકર્તાઓથી કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો ટ્રસ્ટીગણના મિચ્છામિ દુક્કરમ્ સ્વીકારશો.**


ધજાની પૂજા કરતા લાભાર્થી પરિવાર


પૂજામાં રસબોળ લાભાર્થી પરિવાર


માંગલિક સંભળાવતા પૂ. શ્રીઓ


ધ્વજ ચડાવતા લાભાર્થી પરિવાર

**લી. શ્રી મંજલ રે. અ. જૈન સંઘ - પ્રમુખ    શ્રી આદેશ્વરજી મ. જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીગણ**

**તંત્રી સ્થાનેથી**

તા. ૫.૬.૨૦૨૪ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા (Ex.Chief Comm. of Income Tax) – સાંયરા(ચેન્નઈ) નો લેખ પ્રકાશિત છે.
(આ તંત્રીલેખના વિચારો લેખકના અંગત વિચારો છે)

– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150



# નવું ભારત, નવી જ્ઞાતિ

મને તંત્રીલેખ લખવાની તક આપવા બદલ હું પ્રકાશ સમીક્ષાની ટીમનો ખૂબ ખૂબ આભાર માનું છું.

તમામ ભારતીયો નવા ભારતના નિર્માણ માટે મહત્વાકાંક્ષી અને પ્રયત્નશીલ છે. ભારત માત્ર ઉન્નતિ જ નથી કરી રહ્યું પરંતુ તે દરેક ક્ષેત્રે નવી ઊંચાઈઓને સર કરી રહ્યું છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે દેશની સાથે સાથે આપણી પ્રગતિશીલ જ્ઞાતિ પણ નવી ઊંચાઈઓ સર કરશે. જ્ઞાતિના શ્રેષ્ઠ અને ઉજ્જ્વળ ભવિષ્યને બનાવવાનો આપણો સમય આવી ગયો છે.

૧૦ વર્ષના ગાળામાં સાતત્ય, પ્રગતિ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટે, વિવિધ ક્ષેત્રોમાં સુધારાઓનું લક્ષ્ય રાખેલ છે. એની બ્લુ પ્રિન્ટ નીચે મુજબ છે.

**૧. મુંબઈ મહાજનશ્રીનું પુનર્ગઠન.**

આપણી લગભગ ૬૦% વસ્તીને આવરી લેતા, એક સદી કરતાં પણ વધુ જૂના મુંબઈ મહાજનશ્રીના માળખાકીય બંધારણમાં પરિવર્તન લાવવાની તાતી જરૂરિયાત છે. ઝડપથી બદલાતા સમય અને સંજોગો, વસ્તી અને તેના ભૌગોલિક વિસ્તાર પ્રમાણે તેનું બંધારણ જૂનું થઈ ગયું છે. જ્ઞાતિજનોના વ્યવસ્થિત સર્વાંગી વિકાસ, પ્રગતિ અને કલ્યાણ માટે, આપણે તેના વર્તમાન બંધારણમાં નીચેના મુખ્ય સુધારાઓને અમલમાં મૂકવાની જરૂર છે.

મુંબઈ મહાજનશ્રી એક ફેડરલ મહાજન તરીકે કાર્ય કરશે. મુંબઈના ઉપનગરો, ડોંબિવલી, નવી મુંબઈના વિસ્તારો વગેરેના દરેક મહાજન તેમના પોતાના ભૌગોલિક અધિકારક્ષેત્રમાં સ્વતંત્ર રીતે કાર્ય કરશે. ઉદાહરણ તરીકેઃ ભૌગોલિક રીતે અને વસ્તીના આધારે ડોંબીવલીમાં ૨ થી ૩ મહાજન (સંઘ) હશે. મહાજન શબ્દને બદલે સંઘ શબ્દ પણ વાપરી શકાય. ઉદાહરણઃ ડોંબીવલી (પૂર્વ) સંઘ. દરેક મહાજન તેના પોતાના પદાધિકારીઓને સિલેક્ટ કરશે/ચૂંટશે. આવા દરેક મહાજનના પ્રમુખ અથવા સચીવ ફેડરલ મહાજનના હોદ્દેદાર સભ્ય હશે.

સંઘીય મહાજન દ્વારા લેવામાં આવેલા નિર્ણયો તમામ મહાજનોને લાગુ પડશે. સ્થાનિક મહાજનના નિર્ણયો તે સ્થાનિક મહાજનને માત્ર લાગુ પડશે.

સમગ્ર મુંબઈની સકળ જ્ઞાતિને જાગૃત અને ઉત્સાહી બનાવશે. તે ઘણાં જ્ઞાતિજનોની પ્રતિભા અને કૌશલ્યોનો ઉપયોગ કરવા માટે અવકાશ પેદા કરશે. તેમની ધગશ, નવા વિચારો અને નવી નીતિઓ નવી સિદ્ધિઓને પ્રાપ્ત કરવા પ્રેરિત કરશે કારણ કે જવાબદારી તેમના પર હશે. બધા સભ્યોને મહાજનના કાર્યોમાં ભાગ લેવા અનુકુળ બનશે.

**૨. જ્ઞાતિની વસ્તી.**

આપણી વસ્તી ઝડપથી ઘટી રહી છે. તમામ સમાજલક્ષી જ્ઞાતિજનો અને સંસ્થાઓએ એકસાથે ભેગા થઈ કેટલાક આઉટ ઓફ ધ બોક્સ સોલ્યુશન્સ લાવવા પડશે જેથી આપણી જ્ઞાતિને થોડા દાયકાઓમાં વિલીન થઈ જતી અટકાવી શકાય. થોડા સુજાવોનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છેઃ

(a) કોર્પોરેટ વિશ્વની જેમ જ્યારે ઓર્ગેનિક વૃદ્ધિ શક્ય નથી ત્યારે આપણને વિલીનીકરણ અને એકીકરણના સ્વરૂપમાં ઇનઓર્ગેનિક વૃદ્ધિ વિશે વિચારવું પડશે.

(b) અન્ય જૈન સમુદાયોમાં પરિણીત આપણી છોકરીઓને જ્ઞાતિમાં સમાવેશ કરવાનો રસ્તો વિચારી પણ શકાય. KDO સમુદાયમાં તેમના બાળકોનો સમાવેશ, જો તેઓ તેમની લેખીત ઈચ્છા વ્યક્ત કરે તો, તો કરી શકાય કે નહીં.

(c) ૨૧ થી ૨૫ વર્ષે લગ્નો, બે કે તેથી વધુ બાળકો

## આદ્યતંત્રીઓ

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા | કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
કેશરસિંહ આણંદજી ખોના | શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા | કિરીટ ખેતસી શાહ
ઉદયન લાલજી લોડાયા | જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૧૫, તા. ૦૫-૦૬-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક એકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

ધરાવવા, બાળકને દત્તક લેવા અને મફત IVEF બાળકોની વ્યવસ્થા વગેરે ઉપાયો માટે નાણાંકીય અને સામાજિક પ્રોત્સાહનો પ્રદાન કરવા.

(d) જ્યાં આપણી જ્ઞાતિની વસ્તી લગભગ ન જેવી છે યા થવાની છે ત્યાં આપણા મંદિરો અને સંસ્થાઓનું તે કપરા સમયે સંચાલન કરવા માટે હમણાંજ કાનૂની માળખું તૈયાર કરવું પડશે.

**૩. સરકારી યોજનાઓના પુષ્કળ લાભો લેવા.**

કેન્દ્ર અને રાજ્ય સરકારોએ અસંખ્ય લાભદાયી યોજનાઓ શરૂ કરેલ છે. જેમ કે આયુષ્માન ભારત, પીએમ આવાસ યોજના, મુદ્રા, MSME, વિધવાઓ, સ્ત્રીઓ અને કન્યાઓ માટે લાભદાયક અને લઘુમતીઓ માટે શિક્ષણ શિષ્યવૃત્તિ, પ્રસુતિ માટેના લાભો વગેરે. તેમને જ્ઞાતિમાં લોકપ્રિય બનાવો. આ કાર્ય મહેનત માગે છે અને કરનારને હારતોરા નથી મળતા. એટલે વ્યાવસાયિકોની ધંધાકીય સેવાનો લાભ લઈ તમામ પાત્ર લોકોને આવરી લેવા જોઈએ. જ્ઞાતિના બચેલા નાણાંનો ઉપયોગ અન્ય વિવિધ હેતુઓ માટે કરી શકાય .

**૪. વધુ સારી ભાગીદારી.**

યુવાનો અને મહિલાઓને સામુદાયિક પ્રવૃત્તિઓમાં સામેલ કરવા. તેમના વ્યક્તિત્વ વિકાસ માટે, જ્ઞાતિમાંજ લગ્નોને પ્રોત્સાહિત કરવા વગેરે માટે નિયમિતપણે યુવા મિલન, યુવા મંચ, મહિલા મંચ અને યુવા એક્સેન્જનું ઓછા ખર્ચે આયોજન કરવું. આ પ્રત્યક્ષ રીતે અનુભવેલ ઉત્તમ ઉપાયો છે.

**૫. ભંડોળનું રોકાણ.**

વધુ સારું વળતર મેળવવા માટે મહાજન વગેરેના ભંડોળના રોકાણની રીતો પર ફરીથી વિચાર કરવાની ખૂબજ જરૂર છે. ફુગાવાના દરની તુલનામાં બેન્ક FD વ્યાજ નકારાત્મક વળતર આપે છે. મ્યુચ્યુઅલ ફંડ આદર્શ સાબિત થયા છે. મ્યુચ્યુઅલ ફંડોની સરેરાશ ઉપજ બેંકના વ્યાજ કરતાં ઘણી વધારે છે અને હશે. સુવર્ણ બોંડમાં રોકાણ વિચારી શકાય.

**૬. IT અને અન્ય ટેલેન્ટનો ઉપયોગ કરવો.**

આપણા IT અને અન્ય ક્ષેત્રોમાં કાર્ય કરતા કુશળ યુવાનો અને સમાજલક્ષી વરિષ્ઠોની સેવાઓનો સમન્વય કરી ઉપયોગ કરવો અને વધુ સારી કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે ડેટા એનાલિટિક્સ, આપણા KDOVP ડેટાને AI લાગુ કરવા સક્રિય પ્રયાસ કરવા.બેંગલુરુ, પુણે, હૈદરાબાદ આ કાર્ય માટે હબ બનાવી શકાય અને પછી તેને સર્વત્ર લોકપ્રિય બનાવવા પ્રયત્ન કરવા જોઈએ.

**૭. રહેઠાણ.**

ભગવાનની કૃપાથી અને નશીબ સાથ આપશે તો ડોંબિવલી ખાતેની સામુહિક આવાસની યોજના સફળતાપૂર્વક પૂર્ણ થાય તો આવાસની સમસ્યા મહદ્ અંશે પાર પડશે. અન્ય મહાજનો/એકમો પોતપોતાના ક્ષેત્રે આ આવાસોના પડકારને નવીન રીતે હાથ ધરવા પહેલ કરે તો શ્રેષ્ઠ પરિણામ લાવી શકાય.

**૮. વિદેશમાં રહેતા જ્ઞાતિજનો.**

વિદેશમાં રહેતા આપણા ભાઈઓ અને બહેનો સુખી છે. તેમનામાં જ્ઞાતિદાઝ છે. તેઓ નિયમિતપણે ભારતમાં વસતા ભાઈઓ અને બહેનો અને તેમની સંસ્થાઓ માટે દરેક જાતનો સાથ સહકાર આપતા રહ્યા છે. જીવનના તમામ ક્ષેત્રોમાં તેમના નેટવર્ક અને કુશળતાના લાભો મેળવવા માટે આપણે એક વ્યવસ્થિત ફ્રેમ વર્ક ઘડીએ તો તેમનો સહકાર ઉત્તમ રીતે અને સહેલાઈથી પ્રાપ્ત થતો રહેશે.

**૯. સંપ ત્યાં જંપ.**


નાના શહેરોમાં પણ જ્યાં આપણા જ્ઞાતિજનો નાની સંખ્યામાં રહે છે, ત્યાં દુર્ભાગ્યે પ્રતિસ્પર્ધીઓની જેમ ઓછામાં ઓછા બે જૂથો તો હોય છે. વિરોધી બનીને કામ કરવાથી અથવા ન કરવાથી, પ્રગતિ અને વિકાસ અટકી જાય છે. પરિણામે, સારા હેતુવાળા અને સક્ષમ લોકો જ્ઞાતિ પ્રત્યે તદ્દન ઉદાસીન બની ગયા છે. જ્યારે આપણું ભારત જેટલું મોટું રાષ્ટ્ર અભૂતપૂર્વ પ્રગતિ તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ૩૦,૦૦૦ થી ઓછા લોકોની જ્ઞાતિમાં આપણે શા માટે એક થઈને કામ કરી શકતા નથી?

જય જ્ઞાતિ મૈયા.

**– શ્રી તિલકચંદ કુંવરજી લોડાયા**

સાંયરા(ચેન્નઈ)

(Ex.Chief Comm. of Income Tax)



U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS




OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189



# કચ્છ દર્શન






**(ભાગ : ૨૨)**

**લેખક : સોમ ધરમશીં**
**મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

**(ગતાંકથી ચાલુ)**



**માંડવી 'જહાજવાળો' માંડવી-કચ્છ.**

માંડવી બંદરનાં વિકાસમાં જહાજવાડા ઉદ્યોગ-વહાણવટું સલાયામાં રહેતા ખારવા અને માલમ લોકોનો અતિ મહત્ત્વનો ફાળો છે. આપણાં ગુજરાતી સાહિત્યમાં શ્રી ગુણવંત આચાર્ય તેમજ કચ્છના જ ''સાહિત્ય સાગરનો મરજીવો, -હસમુખ અબોટી 'ચંદન' આપણને (૧) દરિયાની વાટે વાટે, (૨) સાગરના સૂસવાટા, (૩) હુડિયો કોઠો આપ્યા છે. કચ્છની વહાણવટી કોમો ખારવા-ભડાલા અને વાઘેર તેમની સાહસિકતા અને દરિયો ખેડવાની હુનર માટે જાણીતા છે. તેમના વિશે વિસ્તૃત લેખ લખવા બેસું તો પ્ર.સા.નાં એકાદ બે અંક ભરાય.

માંડવીથી આગળ જવા બસ હંકારી તો કેટલાક યાત્રીકોએ દરિયે જવાની ઈચ્છા પ્રગટ કરી તો કેટલાકે માંડવીમાં બાંધણીની ખરીદી કરવાની. સમયનો અભાવ હોવાથી મુંબઈના યાત્રિકોને કહ્યું ''મુંભઈ ચોપાટીજો ધરિયો અને ઉડાજી ભેલપૂરી હેવર ધરિયા કિનારે કાગડ઼ા ઉડધાં હુંધા.'' અને અરજણભાઈને ઈસારો કર્યો કે વિજયવિલાસ પેલેસ તરફ બસ હંકારો.

અમારી બસ ઘટાદાર વૃક્ષોથી છલાયેલા વિજયવિલાસ પેલેસ પર આવી પહોંચી. ભારતમાં ઘણા રાજા-મહારાજાઓએ પોતાના સંપૂર્ણ પેલેસને કે અડધા પેલેસને હોટલમાં પરિવર્તીત કરી દીધાં છે. વિજયવિલાસ પેલેસની પાસે જ દરિયા કિનારા ઉપર મહારાજશ્રીએ કેટલોક ભાગ હોટલ બનાવવા આપી દીધો છે.

વિજયવિલાસ પેલેસ મહારાવશ્રી ખેંગારજી-૩ના વખતમાં ઈ.સ. ૧૯૨૦માં બાંધકામની શરૂઆત થઈ અને ૧૯૨૯માં પૂર્ણ થયું. ભુજ ડુંગરોથી ઘેરાયેલો હોવાથી ઉનાળામાં સખત ગરમી પર્વતી હોય છે તેથી આ પેલેસ મહારાવશ્રીએ મહારાજા વિજયરાજ માટે બનાવ્યો હતો. પેલેસ લાલ પથ્થરમાં બાંધવામાં આવ્યું છે. રાજપુત આર્કીટેકટમાં આ પેલેસ ઓરચ્છા અને દતિયા પેલેસની કોપી છે ગાર્ડન મારબલના ફાઉન્ટન ધરાવે છે. આ પેલેસ બાંધવા જયપુર, રાજસ્થાનથી કારીગરોને બોલાવવામાં આવેલ. કચ્છનાં કારીગરોએ પણ પોતાની કળા-કુશળતા આ પેલેસને શણગારવામાં કરી છે.

આ પેલેસની છત ઉપરથી માંડવી શહેરનું પરીસર દ્રષ્ટિમાન થાય છે. આ પેલેસ ફિલ્મ મેકર્સ માટે આકર્ષણ રૂપ રહેલ છે. અહીં હમ દિલ દે ચુકે સનમ, લગાન, કમાન્ડો તેમજ કેટલીક ગુજરાતી ફિલ્મોનાં શુંટીંગ થયા છે.

પ્રવાસીઓને ટિકીટ લઈ પેલેસમાં ફરી આવવા વિનંતી કરી, હમીરસિંહ જે આ પેલેસમાં કામ કરે છે તેમને યાત્રિકોને પેલેસ દેખાડવાની વિનંતી કરી અને પેલેસ જોઈ લો પછી નિતિનભાઈ ને હમીરસિંહને ''ચા-પાણી'' આપવાની વિનંતી કરી અરજણ-રમજુ અને હું અહીંનાં મીઠાં નાળિયેરનું પાણી પીવામાં મશગુલ થઈ ગયા.

**વધુ આવતાં અંકે....**



**વિજયવિલાસ પેલેસ, માંડવી-કચ્છ.**

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

# શ્રી આદેશ્વરજી મ. જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ

**અને**

# શ્રી મંજલ રેલડિયા અચલગચ્છ જૈન સંઘ નાં

**સયુંકત ઉપક્રમે ચાતુર્માસની આરાધના કરવા**

## ॥ હાર્દિક નિમંત્રણ ॥

**ચાતુર્માસ નિશ્રા : પ.પૂ. શ્રી કાવ્યગુણાશ્રી મ.સા.**

**વિ.સં. ૨૦૮૦ અષાઢ સુદ-૯ રવિવાર થી કારતક સુદ-૧૫, દિનાંક : ૧૪-૭-૨૦૨૪ થી ૧૫-૧૧-૨૦૨૪**

## મંગલકારી મંજલ રેલડિયા નગરે ચાતુર્માસ આરાધના ફોર્મ

આરાધકનું નામ : ____________________ વય :__________ પુરુષ/મહિલા :__________

પિતા/પતિનું નામ :____________________ ગામ :__________

રહેઠાણનું એડ્રેસ : ____________________

____________________

મોબાઈલ નંબર :____________________ ફેમિલી કોન્ટકટ નંબર :____________________

કેટલા દિવસની આરાધના કરવાના છો :__________ અત્યારે કોઈ તપસ્યા ચાલે છે :__________

અમે દિનાંક : __________ ના મંજલ નગરે ચાતુર્માસ કરવા પધારશું.

સહી :____________________ તારીખ :____________________

### :: સૂચના ::

☞ ચાતુર્માસ માટે આવેલ આરાધકે મહાજનશ્રીના નિયમોનું તેમજ પરમ પુજય મહારાજ સાહેબશ્રીના તમામ આદેશોનું પાલન કરવાનું રહેશે. ☞ આરાધકોને રહેવાની સગવડ સામુહિક ધોરણે રહેશે. ☞ ચાતુર્માસ દરમ્યાન તપશ્ચર્યા કરનારનું યોગ્ય સન્માન કરવામાં આવશે. ☞ શ્રાવકની દૈનિક ક્રિયા જરૂરી ભકિતભાવના સામુહિક રીતે કરવી ફરજિયાત છે.

☞ આ ફોર્મ સંપૂર્ણ ભરી સંપર્ક સુત્રના વોટ્સએપ નંબર ઉપર દિનાંક : ૩૦/૬/૨૦૨૪ સુધી મોકલવાનું રહેશે.

### :: સંપર્ક સુત્ર ::

શ્રી રમેશ લોડાયા **Mo. : 70218 18052 / 93235 92951**


શ્રી ધીરજ દેવશી ગોસર **Mo. : 98201 37341**

## ॥ સંપૂર્ણ ચાતુર્માસનાં લાભાર્થી પરિવાર ॥

# માતુશ્રી વિજયાબેન કલ્યાણજી હીરજી વોરા પરિવાર

# મળવા જેવા માણસ...

## શ્રી કિશોરભાઈ કરમશી હીરજી વિકમશી-જખૌ



જ્યારે તેમને અસાધ્ય રોગનું નિદાન થાય છે ત્યારે મોટાભાગની વ્યક્તિઓ તેમના જીવનની આશા છોડી દે છે. ડોકટરોએ પણ આશા છોડી દીધી છે, પરંતુ તાજેતરમાં મને એક બહાદુર વ્યક્તિ મળી કે જેણે કેન્સર સામેનો પડકાર ઝીલ્યો અને ડેથ બોન્ડ પર હસ્તાક્ષર કર્યા વિના વ્યક્તિ મરી ન શકે તેવી દૃઢ માન્યતા સાથે સામાન્ય જીવન જીવે છે. હું શ્રી કિશોર કરમશી વિકમશી, વડાલા, જખૌ વિશે વાત કરું છું. ૨૦૨૦ માં કેન્સરનું નિદાન થયું પરંતુ તેમણે કેન્સરને પડકાર્યું છે અને ટાટા હોસ્પિટલમાં ઉંચા સ્ટેજમાં કેન્સર હોવાનું નિદાન થયું હોવા છતાં તેમણે હાર સ્વીકારી નથી. તેમની શક્તિ અને વિચાર પ્રક્રિયા અસાધ્ય રોગોથી પીડિત વિવિધ દર્દીઓને ચોક્કસ મદદરૂપ થશે.

કિશોર ભાઈ કહે છે કે ડેથ બોન્ડ પર સહી કર્યા વિના વ્યક્તિ મરી શકતી નથી. પોતાનું સમર્પણ કર્યા વિના વ્યક્તિ મરી શકતી નથી દર્દી અને તેના માટે વિકસાવેલી ખૂબ જ મજબૂત ઇચ્છા શક્તિ  જરૂરી છે. જીવન ટકાવી રાખવાની આશા ક્યારેય ન છોડવી જોઈએ અને તેણે આશા ગુમાવ્યા વિના રોગ સામે લડતા રહેવું જોઈએ.

કિશોરભાઈનો જન્મ કચ્છમાં શ્રીમતી કસ્તુરીબાઈ કરમશી હીરજી વિકમશીને ત્યાં થયો હતો. તેઓએ ગ્વાલિયરની આર્મી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કર્યો અને તેઓ સરકારી એન્જિનિયરિંગ કોલેજ-કરાડમાંથી એન્જિનિયર બન્યા. થોડા વર્ષો કામ કર્યા પછી, તેમણે સંપત્તિના મૂલ્યાંકનનો વ્યવસાય શરૂ કર્યો. તેઓ નિયમિત સ્વિમર હતા અને તેમને સ્વાસ્થ્યની કોઈ ફરિયાદ નહોતી. અચાનક વર્ષ ૨૦૨૦ માં કોવિડ સમયગાળા દરમિયાન તેમને પોટીમાં રક્તસ્રાવ જોવા મળ્યો અને તેમને ઉંચા તબક્કાનું કેન્સર હોવાનું નિદાન થયું. કિશોરભાઈ એક ફાઈટર છે અને તેમણે આત્મસમર્પણ ન કરવાનો નિર્ણય લીધો હતો.

આ ઈન્ટરવ્યુ દ્વારા, જેઓ કેન્સર અથવા અન્ય અસાધ્ય રોગોથી પીડિત છે એવા કદઓ જ્ઞાતિના ઘણા લોકોના ધ્યાન પર લાવવા માંગુ છું કે કૃપા કરીને આશા ન ગુમાવો અને રોગ સામે સતત લડતા રહો. તમે કોઈ ઉકેલ શોધી શકશો.

કદઓ જ્ઞાતિમાં પરબ, પુણેમાં સખી વૃંદ, સર્વોદય મંડળ મુલુંડ લેડીઝ વિંગ, જીવીસી લેડીઝ વિંગ સ્વયં સિદ્ધા, મુંબઈ મિડટાઉન સંઘ અને ઘણી બધી મહિલા સંસ્થાઓ વિવિધ શહેરો અને વિસ્તારોમાં છે અને તેઓ અદ્ભૂત કાર્ય કરી રહ્યા છે. એક ઉત્તમ કાર્ય તેઓ કરી રહ્યા છે, તે છે વિવિધ વિષયો પર સેમિનાર અને વ્યાખ્યાનોનું આયોજન કરવું. પરબે કોવિડ દરમિયાન એક વ્યાખ્યાનનું ઓનલાઇન આયોજન કર્યું હતું અને વક્તા ડૉ. ગૌતમ રજનીકાંત લોડાયા, સાંયરા-હાવેરી હતા. ડૉ. ગૌતમ કેન્સર નિષ્ણાત (ઓન્કોસર્જન) છે અને તેમણે કેન્સરની નેચરોપેથી સારવાર પર વક્તવ્ય આપ્યું હતું. કિશોરભાઈના પુત્રવધૂ શ્રીમતી હંસુ નિરેન વિકમશીએ એ વ્યાખ્યાનમાં ઓનલાઈન હાજરી આપી હતી. તેણીએ કિશોરભાઈને જાણ કરી અને પરિવારે ડૉ. ગૌતમની સારવાર શરૂ કરવાનું નક્કી કર્યું. કોવિડને કારણે તેમની ઓનલાઈન સારવાર ચાલી રહી હતી અને બાદમાં જ્યારે સ્થિતિ સામાન્ય થઈ ત્યારે કિશોરભાઈએ ડૉ. ગૌતમની રૂબરૂ સલાહ લેવા હાવેરીની મુલાકાત લીધી.

આ ટૂંકો ઇન્ટરવ્યુ લેવાનો ઉદ્દેશ  ૧. મજબૂત બનો. લડતા રહો અને ક્યારેય હાર ન માનો. ૨. વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા આયોજિત સેમિનાર અને પ્રવચનોમાં હાજરી આપો અને વૈકલ્પિક ઉપચાર અથવા દવાઓ શોધવાનો પ્રયાસ કરો. ૩. નેચરોપેથી વિકલ્પ પર પણ વિચાર કરવો જોઈએ. ૪. આપણા સમુદાયને ઘણા જાણકાર ડોકટરો મળ્યા છે, તેમની મદદ અને માર્ગદર્શન લો. તેઓ સાચું માર્ગદર્શન આપશે.

આ સ્થળેથી કિશોરભાઈને લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છાઓ આપું છું.

**- CA હીરાચંદ દંડ**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

જય ચામુંડા માતાજી

## વારાપધર ગામમાં બિરાજમાન કુળદેવી શ્રી ચામુંડા માતાજીને નમતા લાલકા પરિવાર

વારાપધર ગામે બિરાજમાન લાલકા પરિવારના કુળદેવી શ્રી ચામુંડા માતાને નમતા ભાવિકોને જણાવવાનું કે આપણા માતાજીના ભુવા બનાવવાની તિથિ કારતક સુદ ૭/૮/૯ ને તા. ૭/૧૧/૨૪ થી ૯/૧૧/૨૪ નક્કી કરેલ છે. આ પ્રોગ્રામ ત્રણ દિવસનો રહેશે. જેમાં માતાજીની ૧૪મી પહેડી અને હવન તા. ૯/૧૧/૨૪ના લાભાર્થી પરિવાર તરફથી રાખવામાં આવેલ છે.

આપ સર્વે પરિવારોને વિનંતી કે ભુવા બનવાની વિધિમાં આપ સર્વેને પરિવાર સાથે અને નિયાણી બહેનોને પધારવાનું છે જેથી આપણો પ્રોગ્રામ સરળતાથી પાર પડી શકે.

આવનાર દરેક પરિવારે સંખ્યા અગાઉથી જાણ કરવાની રહેશે જેથી રહેવાની સગવડ થઇ શકે. આવવાની અને જવાની ટિકિટ આપને કાઢવાની રહેશે.

આપને તા. ૬/૧૧/૨૪ના સાંજ સુધી પહોંચવાનું રહેશે અને આવ્યા પછી આપને ગામની બહાર તા. ૯/૧૧/૨૪ સુધી જવાનુ નથી.

ત્રિ દિવસીય પ્રોગ્રામમાં કોઈએ પણ કાળા વસ્ત્રો પહેરવા નહીં અને મહિલાઓએ પોતાની ચોખ્ખાઈતા પર ધ્યાન રાખવું જેથી આપણા પ્રોગ્રામમાં કોઈ વિઘ્ન ન નડે.

### આપણા પ્રોગ્રામના લાભાર્થી પરિવારો

૧)તા. ૭/૧૧/૨૪-કારતક સુદ સાતમના લાભાર્થી પરિવાર માતુશ્રી સ્વ. ગુણવંતીબાઇ કાનજી લાલકા તેરા/વડોદરા-આદિપુર હસ્તે. સુપુત્રો કાંતિલાલ ભાઈ/રાજેશભાઈ/ રાકેશભાઈ પરિવાર.

૨) તા. ૮/૧૧/૨૪-કારતક સુદ આઠમના લાભાર્થી પરિવાર માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ લાલકા પરિવાર હસ્તે. હિરેનભાઈ રાયચંદ-વારાપધર/બોરીવલી

૩) તા. ૯/૧૧/૨૪-કારતક સુદ નોમના ૧૪મી પહેડીના લાભાર્થી પરિવાર સ્વ. મનીષભાઈ નવીનચંદ્ર મોતા - લાખણીયા/અમદાવાદ, હસ્તે. શ્રીમતી ભાવનાબેન નીતિન લાલકા પરિવાર-વારાપધર /ડોંબિવલી.

વધુ વિગત આપને ગ્રુપ ઉપર જાણ કરવામાં આવશે. વધુ વિગત માટે નીચે આપેલ નંબર પર સંપર્ક કરી શકો છો

**કાંતિલાલ કાનજી લાલકા (આદિપુર)-9826667077**
**વિનોદ કુંવરજી લાલકા(ઘાટકોપર)-9920946664**
**તિલકભાઈ કુંવરજી લાલકા(ડોંબિવલી)7045556651**


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

**Old is Gold But Gold is never Old**

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
**M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖



ઘર જેવું જમવા પધારો...

**ભુજમાં સૌથી સસ્તું અને સારું**

ઘર જેવું જમવા એક વખત પધારી ખાત્રી કરો. શુદ્ધ-શાકાહારી-સ્વાદિષ્ટ અને ચટાકેદાર ભોજન જમવા આજે જ પધારો.

- શુદ્ધ-સ્વાદિષ્ટ-ચટાકેદાર ભોજન જમવા આજેજ પધારો.
- સવારે ચા-નાસ્તો, બપોરે તથા સાંજે રાત્રે જમવાનું ચાલુ છે. ટીફીન સેવા પણ ચાલુ છે.
- માસિક-છૂટક જમવાનું ચાલુ છે.
- ઘર જેવું જમવાનું, ભાવતા ભોજનીયા, જમવા આજે જ પધારો.
- એકદમ વ્યાજબી ભાવ. ભુજમાં સૌથી ઓછા ભાવે ફુલ ભાણું જમવા આજે જ સંપર્ક કરો.
- બહારનાં નાના-મોટા ઓર્ડર ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે.



**સંપર્ક :**
**અતુલભાઈ મોતા**
મો. ૯૬૧૯૨૮૨૦૯૬
૯૦૮૨૮૬૦૦૨૮

કચ્છ આવતા શ્રીસંઘો તથા પ્રવાસીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

**એકમ-ભવન** (ભુજ-કચ્છ.)

એકમ-ભવન મધ્યે રહેવા-જમવાની સાથે ડાઈનીંગ હોલ બેંકવેટ હોલ તથા રૂમોની પણ સુંદર સવલતો ઉપલબ્ધ છે.

હોલનું ભાડું એકદમ વ્યાજબી જે સૌ કોઇને પરવડે
હોલ ભાડે તથા રાત્રીરોકાણ માટે રૂમો ભાડે મળશે.
હૉટલ ઈલાર્ક પાછળ, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ.
સંપર્ક : ૦૨૮૩૨-૨૨૫૬૯૪ મો. ૯૪૨૮૮૧૩૮૬૪

# શ્રી સી.ડી.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતી ટ્રસ્ટ અને
# શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કેડીઓ જૈન કન્યા છાત્રાલય
## દાતાઓ તરફથી એપ્રિલ-૨૩ થી માર્ચ-૨૪ સુધી મળેલ ભેટની યાદી

| નં. | દાતાશ્રીનું નામ | રકમ |
|---|---|---|
| **૧** | **શ્રીમતી ધનકુંવર ગોવિંદજી લોડોયા, રવા, પોંડીચેરી; કાયમી અનામત ફંડ** | **૫૦૦૦૦૦** |
| **૧** | **ખાનદેશરત્ના પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી માતુશ્રી દેવકુવરબાઈ ડો. મેઘજીભાઈ ધરમશી (ગોરખડી) મુંબઈ હસ્તેઃ ડો. ઊર્વશીબેન મેઘજીભાઈ ધરમશી, પ્રિયવદાબેન મેઘજીભાઈ ધરમશી, વિધાતાબેન મેઘજીભાઈ ધરમશી તથા તક્ષશિલાબેન મેઘજીભાઈ ધરમશી-તારદેવ** | **૫૧૦૦૦૦૦** |
| ૨ | શ્રીમતી જયાબેન નિરેન નાગડા, યુ.એસ.એ. | ૪૦૦૦૦૦ |
| ૩ | એક સદગૃહસ્થ | ૨,૯૦,૦૦૦ |
| ૪ | શ્રીમતી નિરૂપમાબેન અરૂણ સહસ્ત્રબુદ્ધે-ખરડી, પુના | ૧,૮૦,૦૦૦ |
| ૫ | શ્રીમતી કોકીલાબેન શરદ ખોના | ૧,૫૧,૦૦૦ |
| ૬ | એક સદગૃહસ્થ | ૧,૨૪,૦૦૦ |
| ૭ | શ્રીમતી ભાવનાબેન જયંત મેપાણી-ખરડી, પુના | ૧,૨૦,૦૦૦ |
| ૮ | સ્વ.પ્રેમચંદ વીરચંદ નાગડા-જખૌ (ચેમ્બુર)ના સ્મરણાર્થે; હસ્તે શ્રીમતી ભારતીબેન પ્રેમચંદ નાગડા | ૧૦૦૦૦૦ |
| ૯ | હેમંત સર્જિકલ ઇન્ડ. (શ્રી હંસકુમાર શામજી શિયાલ-જખૌ (મુલુંડ) | ૯૩,૦૦૦ |
| ૧૦ | શ્રી શાંતિલાલ જીવરાજ શાહ, ૭૫મા જન્મદિન નિમિતે | ૮૩,૦૦૦ |
| ૧૧ | શ્રી હરીશભાઈ અને શ્રી કિરણભાઈ પલાણી,વિદ્યાર્થીનીઓને સ્કોલરશીપ | ૬૨,૨૫૬ |
| ૧૨ | ફાઈબ્રોલ નોન-આઇઓનિકસ પ્રાઈવેટ લીમીટેડ (શ્રી સંજય ચીમનલાલ નાગડા) | ૬૨,૦૦૦ |
| ૧૩ | શ્રી મેઘજી ભાણજી શાહ, નાગપુર | ૬૦,૦૦૦ |
| ૧૪ | દર્શના મધુસુદન દંડ | ૫૧,૧૧૧ |
| ૧૫ | શ્રી કમલેશ વાલજી વોરા | ૫૧,૦૦૦ |
| ૧૬ | ખીમજી કુંવરજી ટ્રસ્ટ | ૪૨,૦૦૦ |
| ૧૭ | શ્રી સંજયભાઈ ગોવિંદજી શાહ | ૩૧,૦૦૦ |
| ૧૮ | મિત જતીન છેડા, વિરાજ માલદે, યોગિતા શાહ, જીજ્ઞા જૈન, રીતુ શાહ, રોમા છેડા, અંજલ મૈશેરી, ભક્તિ મોતા | ૩૧,૦૦૦ |
| ૧૯ | શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા | ૩૧,૦૦૦ |
| ૨૦ | શ્રી રાજેશભાઈ પ્રેમજી શાહ | ૩૧,૦૦૦ |
| ૨૧ | શ્રીમતી જયશ્રીબેન નવીન જૈન | ૩૧,૦૦૦ |
| ૨૨ | શ્રીમતી હેમાબેન ગુલાબચંદ છેડા, બેંગલોર | ૩૧,૦૦૦ |
| ૨૩ | શ્રી દર્શન શાંતિલાલ શાહ | ૩૧,૦૦૦ |
| ૨૪ | શ્રી મોતીચંદ લાલજી ખોના | ૩૧,૦૦૦ |
| ૨૫ | શ્રીમતી મૃદુલાબેન હીરાચંદ દંડ | ૩૧,૦૦૦ |
| ૨૬ | દિયા કાર્ગો કેરિયર (શ્રી કેતન સુમતીચંદ લોડાયા, નાસિક) | ૩૧,૦૦૦ |

| | | |
|---|---|---|
| ૨૭ | શ્રી હરીશ ઠાકરશી શિયાળ | ૩૧,૦૦૦ |
| ૨૮ | શ્રીમતી નીતા મહેન્દ્ર પોલડીયા | ૩૧,૦૦૦ |
| ૨૯ | શ્રી દિગંત અજય ધરમશી | ૩૧,૦૦૦ |
| ૩૦ | શ્રી જીતેન હીરાચંદ નાગડા | ૩૧,૦૦૦ |
| ૩૧ | શ્રીમતી ચન્દ્રિકા ભુપેન્દ્ર લોડાયા-પુના | ૩૧,૦૦૦ |
| ૩૨ | મિતલ ખોના-કૌલ-બેંગ્લોર | ૩૧,૦૦૦ |
| ૩૩ | શ્રી મનોજ કિશોર ધુલ્લા-વાપી | ૩૧,૦૦૦ |
| ૩૪ | સ્વ.ડો. વાસંતીબેન એચ.ખોના (નલિયા/માટુંગા)ના સ્મરણાર્થે; હસ્તે શ્રી જીંતન પ્રતાપ શાહ | ૩૧,૦૦૦ |
| ૩૫ | શ્રીમતી સેજલ જીંતન શાહ | ૩૧,૦૦૦ |
| ૩૬ | સ્વ. ત્રિકમજી ભાણજી લોડાયા-સાયરા(હિંગોલી)ના સ્મરણાર્થે; હસ્તે શ્રી જયેશ રાયચંદ ભાણજી શાહ-હિંગોલી | ૨૧,૦૦૦ |
| ૩૭ | શ્રી શશીકાંત સોમચંદ દંડ | ૧૬,૫૦૦ |
| ૩૮ | શ્રીમતી પૂર્ણિમા એન.ધુલ્લા-માલેગાંવ | ૧૧,૦૦૦ |
| ૩૯ | શ્રી પદમકુમાર ધનજી નાગડા-હુબલી | ૧૦,૦૦૫ |
| ૪૦ | શ્રી પ્રકાશ લાલજી મૈશેરી | ૧૦,૦૦૨ |
| ૪૧ | ખુશ્બુ અરૂણ ડાઘા | ૧૦,૦૦૦ |
| ૪૨ | શ્રી જયેશ રાયચંદ લોડાયા | ૧૦,૦૦૦ |
| ૪૩ | ચી.તરંગ વિશાલ પદમશી લાલકાના ૧૯મા જન્મદિન નીમીતે મિષ્ઠાન ભોજનઃ હસ્તે શ્રી પદમશી લખમશી લાલકા-આદિપુર, કચ્છ | ૮,૦૦૦ |
| ૪૪ | શ્રી મધુકાંત પદમશી ખોના ચિ. વિધ્ધિ અજીત શાહના જન્મદિન નિમિતે મિષ્ઠાન ભોજન | ૮,૦૦૦ |
| ૪૫ | શ્રી નિમેશ ગીરીશ દંડ(જૈન) | ૫,૧૯૦ |
| ૪૬ | શ્રી કપિલ ભરત જૈન (લોડાયા) | ૫,૧૦૦ |
| ૪૭ | નમિતા જે. પાલાની | ૫,૦૦૦ |
| ૪૮ | શ્રી ઉત્તમભાઈ ગોવિંદજી મૈશેરી | ૫,૦૦૦ |
| ૪૯ | શ્રી લખમશી હંસરાજ મોતા-કોઠારા (મુલુંડ) | ૫,૦૦૦ |
| | **કુલ ડોનેશન રકમ** | **૭૬,૮૮,૧૬૪** |

Advt.


❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖

**• પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી • સાચી જરીની સાડીઓ બોર્ડર • જુના સાચા ઘરચોળા • કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.**

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**

**રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલ્લીની સામે, માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ**

❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖


## ભૂલ સુધાર

પ્રકાશ સમીક્ષાના તા. ૨૦.૫.૨૦૨૪ના અંકમાં પાના નં. ૯ ઉપર ગામ મંજલના લિસ્ટમાં રૂા.30000 દમયંતીબેન કાંતિલાલ દંડ (મંજલ) અને હિરાવંતી કુસુમકાંત નાગડા (લાલા) વાંચવું.

**નમ્ર નિવેદન :** જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો. **- તંત્રી મંડળ**

# Artificial intelligence

સૃષ્ટિના સર્જનહારે સર્જેલા સકળ વિશ્વમાં જુદા જુદા ચોર્યાસી લાખ યોનિઓમાં જીવ જન્મ લે છે અને આયુષ્ય અનુસાર વિરમી જાય છે. દરેક જીવોમાં શ્રેષ્ઠ એકલા માનવને ગણવામાં આવે છે, જેની બુદ્ધિ પ્રતિભાને તોલે કોઈ ના આવે. આ બુદ્ધિના પરિણામ સ્વરૂપ જ માનવ જે ઝંખે તે મેળવવામાં સફળ થાય છે. તેની બુદ્ધિના કારણે જ આપણે ત્રણ ચાર દાયકા પહેલાં કદી કલ્પના પણ કરી ના હોય તેવા સાધનો આજે સહજતાથી ઉપલબ્ધ છે જેમ કે મોબાઈલ, લેપટોપ, સ્વયં સંચાલિત વાહનો, સ્માર્ટ ઘડીયાળ કે ટેલિવિઝન , ઘરવપરાશમા આવતા ઉપકરણો, મનોરંજન સાધનો, વગેરે વગેરે...

આ દરેકની પાછળ છેલ્લા એકાદ વર્ષથી ચર્ચા માં આવેલ A I (Artificial intelligence) શબ્દનો મહિમા છે સરળ ભાષામાં તેને કુત્રિમ બુદ્ધિ કહી શકાય.

આ કુત્રિમ બુદ્ધિના પ્રભાવે આપણી ધારણાથી અનેકગણું વધુ સફળ પરિણામ મેળવી શકાય છે તેનું એક ઉદાહરણ એટલે વિશ્વભરની વેધશાળાઓ આજે ગમે તેવા ભયંકર તુફાન, વાવાઝોડા, વરસાદ, ભુકંપના સચોટ વરતારા કરી શકે છે. જાનમાલની નુકસાની બચાવવામાં સહાયક થાય છે

આ કુત્રિમ બુદ્ધિના બળે અચાનક થયેલા હવાઈ હુમલામાં હાથ ઉપર હાથ ધરીને બેસી ના રહેતાં ક્ષણભરમાં હજારો કિલોમીટર દૂર સુધી ધાર્યું નિશાન સાધી દુશ્મનને વળતો જવાબ આપી સ્વરક્ષણ કરી શકાય છે.

આ કુત્રિમ બુદ્ધિના બળે ગુગલ જેવા માધ્યમથી અનેકવિધ પેચીદા સવાલોના સમાધાન મેળવી શકાય છે તો દવા, ઈન્જેકશન, વેકસીન, ખાધ પદાર્થો કે અન્ય વપરાશની વસ્તુના સારાં માઠાં પરિણામની સમજ, એક સ્થળેથી બીજા સ્થળે જવા ઉપયોગી રસ્તાની માહિતી જેવી તો કેટલીય વાતો વિશે જાણકારી મેળવી શકાય છે

સાહિત્ય ક્ષેત્રે તમે એક વિષય આપો તો આખો નિબંધ તૈયાર કરી આપવા સહાયક થાય છે. તો બીજી તરફ કોઈપણ ભાષાનું પુસ્તક કે અખબારમાં છપાયેલા લખાણ તે ઉપકરણની સામેથી પસાર કરવામાં આવે તો જાતે તેનું વાંચન કરી બોલતું જાય છે.

અરે બીજું સઘળું તો સમજ્યા પણ પ્રયોગશાળામાં બેઠા બેઠા ચંદ્રયાન કે એસ.એલ.વી. જેવા માનવ રહિત અવકાશયાનનુ સંચાલન કરી અન્ય ઉપગ્રહો ઉપર જીવ સૃષ્ટિ વિશે સંશોધન કરવામાં સફળતા મેળવી શકાય છે

તબીબી ક્ષેત્રે શરીરમાં રહેલી કેન્સર કે અન્ય ગાંઠની સુક્ષ્મથી સુક્ષ્મ માહિતી વિશ્લેષણ સાથે મેળવી શકાય છે અને વૈવિધ્યપૂર્ણ સારવારમાં Artificial intelligence ખુબજ ઉપયોગી થાય છે

પ્રત્યેક સિક્કાની બે બાજુ હોય છે, એક ફાયદાકારક તો બીજી નુકશાનકારક.

Artificial intelligence ના નુકશાનકારક પાસાની વાત લઈએ તો ખતરનાક શસ્ત્ર ઉત્પાદન માટે તેનો ઉપયોગ વિનાશક પરિણામ તરફ દોરી શકે છે. સ્વયં સંચાલિત યંત્રના પરિણામ સ્વરૂપ કામદારોની જરૂરીયાત ઘટે છે અને તે બેરોજગારી તરફ આગળ વધી શકે છે.

ડ્રોન કે આત્યાધુનિક સી સી ટીવી કેમેરાથી કોઈ પણ સ્થળે, કોઈની ઉપર જાપ્તો રાખવાનું કામ સચોટ બનતાં નાગરિક સ્વતંત્રતા અને ગોપનીયતા જોખમાય છે.

સાઈબર ક્રાઈમના કિસ્સાઓ બેફામ વધી શકે છે જેની સીધી અસર આપણને જાનમાલની નુકસાની વેઠવી પડે છે અને ગુનેગારો સુધી પહોંચી શકવું મુશ્કેલ બની જાય છે.

બીજું બધું તો સમજી શકાય પણ માણસનો સ્વર એક વખત રેકોર્ડ કરી લીધા બાદ એ રેકોર્ડ કરેલ સ્વરને ગમેતે વાક્યો કે શબ્દોમાં ફેરફાર કે સુધારા વધારા કરી નિર્દોષ વ્યક્તિને પણ ગુનેગાર તરીકે સાબિત કરી શકાય છે. જેનું તાજેતરમાં જ માનનીય શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના વક્તવ્યમાં ઉદાહરણ ટાંક્યું છે.

Artificial intelligence - કુત્રિમ બુદ્ધિના ઉપયોગને આજે ભલે એક ક્રાંતિકારી ટેકનોલોજી તરીકે વખાણવામાં આવે છે પણ પાઘડીનો વળ છેડે તેમ યેનકેન પ્રકારેણ આ બધામાં અલિપ્ત રહેવા છતાંય મનુષ્ય બુદ્ધિ જ તેની સંચાલન કરે છે તેમાં કોઈ બે મત ના હોઈ શકે. કારણ જો માનવી આ સઘળો ડેટા સુપર પાવર ઉપકરણોમાં ફીડ કરે તો જ તેનો ઉપયોગ સ્વયં સંચાલિત બની શકે છે અન્યથા તે ઉપકરણ એક નિર્જીવ વસ્તુ જ બની રહે.

કહેવાનું તાત્પર્ય એટલું જ કે Artificial intelligence ના રૂપાળા વાઘા પહેરાવી દેવાથી મનુષ્ય બુદ્ધિને સદંતર અવગણી તો ના જ શકાય....

**– જ્ઞાનેશ જયચંદ લાપસિયા**

મુલુંડ ચેકનાકા , ૯૯૨૦૫ ૧૩૪૯૩

## શ્રી શત્રુંજય એકેડમી સંચાલિત : શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

### શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ. જી. મહારાષ્ટ્ર - ૪૨૪ ૧૦૧

**શુભાશીર્વાદ :** શાસન શિરોમણી, તપચક્રવતી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**દિવ્યકૃપા :** આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા.

તથા શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.

**પ્રેરણા માર્ગદર્શન :** પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

**મળેલા માનવભવને સફળ કરવા.. મળી ગયેલા જિનશાસનને જાણવા.. સમજવા.. જીવનમાં પરિવર્તન લાવી સાધુ-શ્રાવક બનવા.. સમ્યગજ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા.. જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા..**

**શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમમાં જોડાવવા હાર્દિક આમંત્રણ**

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે. વધુ વિગત માટે જુઓ **www.shatrunjayacademy.com** વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi... Now in English Also.

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. તમને પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે. વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને 'સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા', બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોકટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

**સંપર્ક સૂત્ર :** ● સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા, શાહ ગોવિંદજી વીરમ ફેકટરી કમ્પાઉન્ડ, મોઢા રોડ, ઔરંગાબાદ-431001. ફોન નં. : (02848) 2336475.

● SHILPA AJANI MUMBAI Mo. 9821113338 Email: shilpaajani1@gmail.com. ● લતાબેન વીકમશી, ૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર, મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. Mo. 9323944117.

**સંપર્ક સૂત્ર :** દિપા મનીશ શાહ - ચાલીસગામ-Mo. 94227 83208, હેમલ પોલડીયા-ચાલીસગામ, Mo. 89563 72227. C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ.

Advt.


**બાંધણી હોય કે ઘરચોળા! પાનેતર હોય કે પટોળા!**
**ચણીયા ચોળી હોય કે દુપટ્ટા! સગાઈ હોય કે લગ્નપ્રસંગ!**
**પહેડી હોય કે ધજા મહોત્સવ! જ્યોતિને સંગ-ઉજવો પ્રસંગ!**
**વધી જશે ઉમંગ-રહી જશે રંગ!**
**for Exclusive Embroidery and uptodate Finishing!**

**જ્યોતિ Sarees**
**Matunga (E)**

**Behind Arora Theatre**
**Ph.: 022-2404 3995 / 83692 52836**
**Follow us on instagram @jyotisaree**


**વનિતા વિશ્વ-Women World માટે લેખ આવકાર્ય**

પ્ર.સ.માં મહિલાઓ માટેના વિભાગ વનિતા વિશ્વ-Women World માટે લેખ આવકાર્ય છે. સંપર્ક :
**kdoprakash@gmail.com**
**Dr. Tejal Rushabh Shah-** 9987081818,
tejalrushabhshah@gmail.com

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

## અને તમે આવ્યા

હૃદય તો હતું જ મારી પાસે, જરૂર હતી ફક્ત ધબકારાની
સ્વજન તો હતા આસપાસ, જરૂર હતી એક ખાસની
મારુ મન સ્પર્શી પોતાના બની, દિલ ધડકાવવા તમે આવ્યા.

કાગળ- કલમ અને સમય તો હતો મારી પાસે,
શબ્દોની રમત અને વ્યાકરણની સમજ તો હતી મારી પાસે
જરૂર હતી મારા શબ્દોને કવિતાનો આકાર આપવા બસ એક પ્રેરણાની
અને મારા વિચારોની શાયરી બની પ્રોત્સાહન આપવા તમે આવ્યા.

યાર દોસ્તો સગા સંબધી કહેવા માટે તો ઘણા હતા મારી પાસે
પણ દરેકના મુખ પર વિવિધ પ્રકારના  મુખોટા હતા
જરૂર હતી સ્વાર્થી દુનિયાની ભીડમાં
જેના પર વિશ્વાસ કરી શકાય એવા ખાસની
અને નિઃસ્વાર્થ ભાવ લઇ વિના કોઈ અપેક્ષા તમે આવ્યા.

સ્વેટર તો હતું મારી પાસે, આ ગુલાબી કાતિલ ઠંડીમાં
જરૂર હતી આત્મીય હુંફની, આ કડકડતી ઠંડીમાં,
અને ઉષ્માભરી નજર સાથે તમે  ધાબડું  લઇ આવ્યા.

આંખો માં હતી નમી, ને ઉદાસ હતું ચંચળ મન,
વિચારો માં કશ્મકશ હતી, સાવ નિરસ હતું મારું જીવન
જરૂર હતી આ મતલબી દુનિયામાં એક  મિત્રની
અને મજબુત ખભો લઇ સહારો આપવા તમે આવ્યા.

મસ્ત ખુશનુમા હતી મૌસમ, રીમઝીમ વરસતી વર્ષા હતી
ખલતું હતું એકલપણું જરૂર હતી એક સાથીની
જેની સાથે સમય વિતાવી જોવું હતું એક શમણું
અને એક પ્રિયતમ બની સાથ આપવા તમે આવ્યા.

કહે કનુ અરિહંત ને, જૈન કુળ અને ઉચ્ચ ખાનદાન તો છે મારી પાસે
આગળ વધવાના ઘણા માર્ગ છે પણ સાચો માર્ગ કયો એ મૂંઝવણ છે
જરૂર છે એક ધર્મના માર્ગ પર રોશની નાખી રાહ દોરવાની
મારા ગુરુ મારા માર્ગદર્શક, સારથી બની પ્રભુ તમે આવો.

**Kanak Jayesh Ajani (Lodaya), Matunga**

## Love

When we touch any part of people's heart, we touch that part of ourself actually ..because that is where we wanted to be touched at some point of time but nobody did that !!

Taking stand or raising voice for somebody  who got left alone, and we feel as if we did justice to self when we were put inti the similar situation.

When we hug someone who is meaned , we hug the meaned, deserted self of us from somewhere in the past.

We look into their eyes and we feel we are looking deep inside of ours because we know in detail of not having anyone who saw us with the eyes filled of compassion and understanding.

When we had no one around or beside us to take our side, in such highly populated world, we learn to be supportive and give our back to people in such need !!

God has very thoughtfully, quite smartly created us, the human beings. No matter how strong we are, but we can not physically hug ourself neither can we look into our eyes.  If so, each person would have turned into an iceland !!!

Love is not constrained till "I love you" and sharing  some gifts and giggles !!! Love is believing in the person when everyone wronged them , having strength to face the world for them,  sharing their silence with them ..not just laughter.

**- Leena Hiren Shah**
**(Lodaya)..Baroda (Varadiya)**

### આગામી પ્ર.સ.ના અતિથી સંપાદક

તા. ૫.૭.૨૦૨૪ના અંકના અતિથી સંપાદક તરીકે શ્રી કુમારભાઈ બાબુભાઈ દંડ-તેરા (ભાંડુપ) રહેશે.

**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**
નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટ્રેશન પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ-(થાણા) Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

# મૌજ ભરી જિંદગી **શ્રી વિનિત ધરમશી** ને અનોખી અને યાદગાર શ્રધ્ધાંજલિ



૫ મે ૨૦૨૪ ના સુનહરી સવારે **વિનીતભાઈ ની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ** નિમિત્તે પરિવાર - મિતા વિનીત, પ્રિન્સ અને રોનક તરફથી **શ્રી મહાકાળી મા** ની ભાવના સહ ભક્તિમય માહોલ ઉભો કરી એક સાચી માનભરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી. આ સાથેજ એમને ગમતા જુના ગીતોની **મૌજ ભરી જિંદગી** નું સંગીતમય કાર્યક્રમ એમના પરિવારજનો, સગા સંબંધી, વ્હાલા મિત્રો, સ્નેહીઓ સંગે બધાને ભેગા કરી એક ઉત્કૃષ્ટ કાર્યક્રમનું સમયબધ્ધ સ્વરૂચિ ભોજન સાથે આયોજન કરવામાં આવ્યું હતુ.

પરિવારજનો અને મિત્રોના યાદગીરી રૂપે ફોટોગ્રાફ એલઈડી દ્વારા પ્રસ્તુત કરી દરેકને ભાવવિભોર કર્યા.

કાર્યક્રમ દરમિયાન પધારેલ દરેક મહાનુભાવોને વિનીતભાઈની વિશેષ યાદગીરી નિમિત્તે એક ક્રિએટિવ કાર્ડ આપવામાં આવ્યો હતો. જેની સાથે જ એક-એક ગુલાબ જે વિનીતભાઈ ની છબી પાસે શ્રદ્ધાંજલિ સ્વરૂપે અર્પણ કરવામાં આવ્યું.

